| 

# પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજના આચાર્યશ્રી અને સંચાલકશ્રીઓને સૂચનાઓ

જુઓ વેબસાઇટ
www.ptcgujarat.org
E mail dpe.guj@Gmail.com

ક્રમાંક/પીટીસી/પ્રવેશ/જ/૧૫/૩૭૧ - ૫૦૧
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૧
ગાંધીનગર. તા. ૧૯/૦૫/૨૦૧૫

પ્રતિ,
પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગુજરાત રાજ્ય - તમામ
આચાર્યશ્રી, અધ્યાપન મંદિરો ગુજરાત રાજ્ય - તમામ ( સ્વનિર્ભર સહિત )

વિષયઃ- પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં ( પ્રવેશ ૨૦૧૫-૧૬

ઉપરોકત બાબતે જયભારત સહ જણાવવાનુંકે ૨૦૧૫-૧૬ ના વર્ષ માટે રાજયની અંદાજિત ૧૨૫ જેટલી પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજો ( જિ.શિ.તા.ભવનોના પીએસટીઇ વિભાગ સહિત) માં પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ કામગીરી ધો.૧૨ સામાન્ય પ્રવાહના બોર્ડ દ્વારા પરિણામો જાહેર થયા બાદ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ બાબતે નીચેની સૂચનાઓ ધ્યાનમાં રાખવા જણાવવામાં આવે છે.

૧. પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ કામગીરી એ સંપૂર્ણ કોમ્પ્યુટરાઇઝ અને ઓનલાઇન સીસ્ટમ આધારિત અને ઝડપી બનાવવામાં આવી છે.

૨. કેન્દ્રીય પ્રવેશ સમિતિનું મુખ્ય મથક પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કેન્દ્રીય પ્રવેશ સમિતિ, ઇન્કવાયરી ઓફીસ પાસે, સેકટર-૧૯, ગાંધીનગર ખાતે રહેશે.

૩ સરકારશ્રીના શિક્ષણ વિભાગના પત્ર નં.ટીસીએમ-૧૪૧૨-૭૦૨-ન, તા.૨/૭/૨૦૧૨થી રાજયની સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજમાં પ્રવેશની કાર્યવાહીના વહીવટી ખર્ચ પેટે વર્ગદીઠ (૫૦ની ઇન્ટેક એક વર્ગ) રૂા.૫૦૦૦/-પાંચ હજાર વહીવટી ખર્ચ તરીકે વસુલ લેવા નકકી કરવામાં આવેલ છે. તેથી સ્વનિર્ભર સંસ્થાઓની વર્ગદીઠ ૫૦૦૦/- પાંચ હજાર લેખેની રકમનો ડીમાન્ડ ડ્રાફટ મંજુર થયેલ ઇન્ટેક મુજબ જેટલા વર્ગમાં પ્રવેશ કાર્યવાહી કરવાની થતી હોય તે મુજબ આ કચેરીને મોકલી આપવો આ કચેરીના તા.૧૧/૩/૧૫ના પરિપત્રથી તા.૩૦/૪/૨૦૧૫ સુધીમાં જમા કરાવવા અલગથી સુચના આપેલ છે. જે ઉમેદવાર પ્રવેશ મેળવશે તેની ફી સ્થળ પર સ્વીકારવામાં આવશે નહી

૪. સરકારી તથા અનુદાનિત સંસ્થાઓએ ઉમેદવારો પાસેથી સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ ફી વસુલ કરી પહોંચ આપવી અને સરકારમાં જમા કરાવવાની ફી બજેટ હેડ ૦૨૦૨- જનરલ એજયુકેશ, ૮૦૦ અધર રીસીપટ માં કરાવી ચલનથી સંસ્થામા પ્રવેશની કામગીરી પુરી થાય ત્યારે તુરત ચલનથી અચુક જમા કરાવી દેવાની ફરજિયાત છે. અન્યથા નિયમાનુસાર વ્યાજની વસુલાત કરવામાં આવશે અને અનુદાન કાપ આપવાની ફરજ પડશે.

૫. સ્વનિર્ભર સંસ્થાઓ ઉમેદવારો પાસેથી ન્યાયમુર્તિશ્રી ( નિવૃત) આર.જે.શાહ ફી કમિટી દ્વારા નકકી કરવામાં આવેલી ફી તેના તા.૧૧/૫/૦૬ના આદેશથી રૂા.૨૦,૦૦૦/-વીસ હજાર વાર્ષિક (એક સત્રના રૂા.૧૦૦૦૦/-નિયત કરવામાં આવી છે. તેનાથી વધુ ફી વસુલ ન કરવામા આવે તેવી તાકીદ સહ સુચના છે.

૬. સ્વનિર્ભર સંસ્થાઓએ શિક્ષણ વિભાગના ઠરાવ નં.ટીસીએમ-૧૪૦૧-૧૨૧૩-ન, તા ૧૭/૫/૨૦૦૬થી ઠરાવ્યા મુજબની સમિતિની રચના કરી નકકી કરવાની રહેશે. અને તે મુજબ સત્ર દીઠ હોસ્ટેલ ફી નિયત કરતા ઠરાવની નકલ સાથે સંસ્થાના લેટર પેડ પર આ કચેરીને તા.૩૧/૦૫/૨૦૧૫ સુધીમાં મળી જાય તે રીતે રજી.પોસ્ટ એડી થી મોકલી આપવાની રહેશે. આ રજી એ.ડી.કવર પર સ્વનિર્ભર સંસ્થાની હોસ્ટેલ ફી માહિતી સ્પષ્ટ રીતે લખવુ. પ્રવેશની કાર્યવાહી શરૂ થાય ત્યારે પ્રવેશ સ્થળ ઉપર પ્રસિધ્ધ કરવાની સૂચના સદર સરકારી ઠરાવમાં હોઇ જો નિયત સમય મર્યાદામાં

વિગતો મળશે નહી તો પ્રવેશ ફાળવવામાં વિલંબ થશે / ફાળવી શકાશે નહી અને આ અંગેની જવાબદારી સંચાલકશ્રીની ગણાશે. આ અંગેની ટપલો રૂબરૂમાં સ્વીકારવામાં આવશે નહી.

૭ કેન્દ્રીય પ્રવેશ સમિતિના છાપેલા પ્રવેશપત્ર (**Admission Letter**) ઉમેદવારને અત્રેથી નીચેના અધિકારીઓની સંયુકત સહીથી ઇસ્યુ કરવામાં આવે છે.

(એ) નાયબ શિક્ષણ નિયામકની પ્રિન્ટેડ સહી

(બી) પ્રવેશ ઓફિસર ઇન્યાર્જની અસલ સહી તેમજ મથાળે ક્રમ નંબર છાપેલા હોય છે. એટલે તે મુજબકાળજી લેવી

૭.૧) પ્રવેશ પત્રમાં ઉમેદવારોને હાજર થવાની છેલ્લી તારીખ છાપવામાં આવેલ હશે તે તારીખ સુધીમાં હાજર થાય તો જ પ્રવેશ આપી શકાશે.

૭.૨) કેન્દ્રીય પ્રવેશ હોઇને સમગ્ર રાજયમાંથી ઉમેદવારો પ્રવેશ મેળવે છે. એટલે શનિવાર રવિવાર/અન્ય રજાના દિવસે પણ હાજર થવા આવે છે તો તે પ્રમાણેની વ્યવસ્થા સંસ્થાપર અવશ્ય કરવાની રહેશે. અને સંસ્થાનો સમય ૧૧-૦૦ થી ૧૮-૦૦ અવશ્ય રાખવાનો રહેશે.

૭.૩) આ પ્રવેશ પત્ર ત્રણ નકલમાં તૈયાર થાય છે.

(૧) સંસ્થાની નકલ

(૨) ઉમેદવારની નકલ

(૩) પ્રવેશ સમિતિની નકલ આ પૈકી સંસ્થાની નકલ આપશ્રીએ કાયમી રેકર્ડ ઉપર રાખવાની રહેશે. ઉમેદવારની નકલ તમારે રાખવાની નથી

૭.૪) ઉમેદવારની નકલ પર પ્રવેશ આપયો તેવો શેરો મારી સંસ્થાનો સિકકો લગાવી સહી કરી તારીખ લખવાની રહેશે અને તે નકલ તેની ફીની પહોંચ સાથે તુરત જ જે દિવસે હાજર થાય તે દિવસે પરત આપવાની રહેશે.

૮. ઉમેદવારનું નામ સંસ્થાના વયપત્રકમાં તુરત દાખલ કરવાનું રાખવું વયપત્રકમાં રીમાર્કસના કોલમમાં ઉમેદવારના મેરીટક્રમ/ કેટેગરી અને પ્રવેશ પત્ર પર છાપેલા નંબર લખવાના રહેશે.

૯. ઉમેદવારના અસલ ગુણપત્રક પ્રવેશ સમિતિ દ્વારા કસ્ટડીમાં મેળવી લેવાની પ્રથા બદલવામાં આવી છે તે મુજબ અસલ ગુણપત્રક પ્રમાણપત્ર પ્રવેશ સમિત ધ્વારા કસ્ટડીમાં લેવામાં આવશે નહી. પરંતુ ઉમેદવારો હાજર થવા આવે ત્યારે સંસ્થાએ જ આ બધા અસલ ગુણપત્રક અને પ્રમાણપત્રો ઉમેદવાર પાસેથી સીધા જ મેળવી લેવા અને પહોંચ આપવી.

૧૦ (૯) પ્રમાણેના તમામ ગુણપત્રકો, પ્રમાણપત્રો, પછાત વર્ગના પ્રમાણપત્રો રાબેતા મુજબ પ્રતિવર્ષની જેમ જ સંસ્થાએ ઇસ્યુ કરનાર ઓથોરીટી પાસે ખરાઇ કરાવી લેવાની રહેશે. ખરાઇ કરવાની કામગીરી ૩૧/૮/૨૦૧૫ સુધીમાં અચુક પુરી કરી લેવી આમાં ચુક થયે સંસ્થાના આચાર્યશ્રી અને સંચાલકશ્રીની સંયુકત જવાબદારી રહેશે.

૧૧ ક્રમ (૯) (૧૦) દસ્તાવેજોમાં ખામીઓ વિગતો બનાવટ વગેરે જોવા મળે તો તુર્ત જ અધિકૃત પ્રતિનિધિને પ્રવેશ કાર્યાલય પર રૂબરૂ મોકલી અહેવાલ સહ બધું પરત કરી આગળ કરવાની થતી કાર્યવાહીનુ; માર્ગદર્શન મેળવી લેવુ.

૧૨ (૯) (૧૦) પ્રમાણેના અસલ દસ્તાવેજો જે ઉમેદવારો સંસ્થામાં રજુ ન કરે તો પ્રવેશ રદ કરવામાં આવશે. સરકારી/ ગ્રાન્ટેડમાં અત્રેથી ફી વસુલાત થતી નથી. તેનો પ્રવેશ રદ થશે. આવા પસંગે કેન્દ્રીય સમિતિનું તુર્ત જ ધ્યાન દોરવુ અને જાણ કરવી.

૧૩ પ્રવેશ મેળવ્યા બાદ પ્રવેશ રદ કરવા ઇચ્છતા ઉમેદવારોએ આ અંગે નિયત કરવામાં આવેલ અરજી ફોર્મમાં અરજી કરવાની રહેશે અને અરજી ફોર્મ જરૂરી શેરા સાથે સંબંધિત પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજના આચાર્યના સહી સિકકા સાથે અત્રે મોકલી આપવાનું રહેશે. ફોર્મ સાથે ઉમેદવારના એડમીશન લેટરની અસલ કોપી રજુ કરવાની રહેશે. પ્રવેશ રદ કરવાનું ફોર્મ નંબર-૨ દરેક સંસ્થાને અગાઉ મોકલેલ છે. તેમ છતા પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશની વેબસાઇટ www.ptcgujarat.org પરથી મેળવી લેવાનુ રહેશે. અને તેમા ઉમેદવારને સહી સિકકા કરી આપવાના રહેશે. ( આ અંગેનું અરજી ફોર્મ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં ફોમ નં.૨ અને અન્ય વિગતો માટે જુઓ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશની વેબસાઇટની માહિતી પુસ્તિકા અને પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ નિયમ-૧૦ અંતર્ગત સૂચનાઓ તથા પ્રકિયાની વિગતો )

૧૪ બે વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ થયે ઉમેદવારોને અસલ દસ્તાવેજો પરત આપવાના રહેશે અથવા પ્રવેશ રદ કરાવે ત્યારે રદ કરવાનો હુકમ અત્રેથી મળે ત્યારબાદ પરત આપવાના રહેશે. બીજા વર્ષનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તુરત જ પરીક્ષાના પરિણામની રાહ જોયા વગર પરત કરવા અને આ બાબતે આ કચેરીની મંજુરી માટે આગ્રહ રાખવો નહી કે અત્રે તાલીમાર્થી/ વાલીને રૂબરૂ મોકલવા નહી.

ધો.૧૨ પછી અન્ય અભ્યાસક્રમમાં જોડાવા માટે રૂબરૂ મુલાકાત માટે ઉમેદવારે જવાના પ્રસંગે તથા નોકરીના ઇન્ટરવ્યુ માટેજવાના પ્રસંગોએ ઉમેદવાર દ્વારા આ અસલ પ્રમાણપત્રો પરત કરવામાં આવે ત્યારે દિન-૧૦ દિન-૧૫ દિન-૩૦ એમ સ્પષ્ટ મુદત માટે સહી મેળવી આપવા અને નિયત સમય મર્યાદામાં પરત મેળવી લેવા ન આવે તો પ્રવેશ રદ કરવા દરખાસ્ત કરવી.

૧૫. પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ અંગેની વેબસાઇટ પર મુકવામાં આવેલ માહિતી પુસ્તિકામાં આપવામાં આવેલ વિગતો જેવી કે

(૧) પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશના નિયમો

(૨) નિયમ-૧૦ અંતર્ગત સૂચનાઓ અને પ્રક્રિયા

(૩) વર્તણુંક અને શિસ્તપાલનના નિયમો/ નો અભ્યાસ કરી માહિતગાર થવાનું રહેશે. અને તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૬. જે ચાલુ વર્ષ સ્વનિર્ભર સંસ્થાઓ પોતાની મેજમેન્ટ કવોર્ટાની ૧૫ ટકા જ બેઠકો સ્વયંમ ભરી શકશે આ બેઠકો ધોરણ-૧૨ના પરીણામ બાદ સ્વનિર્ભર સંસ્થાઓએ તેમની મેનેજમેન્ટ કવોર્ટાની બેઠકો ભરવાની જાહેરાત આપી તેમની બેઠકો ભરવાની રહેશે. મેનજમેન્ટ કવોર્ટા ભરવા અંગેના વિગતવાર પરિપત્રો અલગથી કરવામાં આવેલ છે.

૧૭ આ ઉપરાંત આપની સંસ્થાના ૨૦૧૫-૧૬ના શૈક્ષણિક વર્ષ માટેના અધતન સ્ટાફ પ્રોફાઇલ કે જેના પર આ કચેરી અથવા તો સંબંધિત જીલ્લાના શિક્ષણાધિકારીના પ્રતિહસ્તાક્ષર કરાવેલ હોઇ અંગ્રેજીમાં તૈયાર કરેલ અને પ્રમાણિત ફોટો નકલ પણ આ કચેરીને રજી.પો.એ.ડી.થી તા.૩૧/૫/૨૦૧૫ સુધીમાં અત્રે મળે તે રીતે મોકલી આપવી. હાર્ડ કોપીમાં માહિતી મોકલવી. આ ટપલના કવર પર મથાળે સ્ટાફ પ્રોફાઇલની પ્રતિ હસ્તાક્ષરવાળી નકલ તેમ અવશ્ય લખવુ.આ અંગેનો કોઇ ટપાલ રૂબરૂ સાદી ટપાલથી સ્વીકાર્ય બનશે નહી.

૧૮. નિયત કરતા વધુ ફી લેતી સંસ્થા સામે ફરિયાદ કે રજુઆત મળતા તાત્કાલિક સંસ્થાઓની માન્યતા રદ કરવાની દરખાસ્ત એન.સી.ટી.ઇ.ને મોકલવા અન્ય શિક્ષાત્મક પગલા ભરવા નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને ચાલુ પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન પ્રવેશ ફાળવણી બંધ કરવામાં આવશે.

૧૯. ક્રમ (૬)(૧૭) ની ટપાલો મોકલવા કવર પર નીચે મુજબનું સરનામું કરવુ.

અધિક્ષક જ શાખા
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.

૨૦ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ અંગેની અત્રેથી વર્તમાનપત્રોમાં પસિધ્ધ કરાતી વખતો વખતની જાહેરાત અવશ્ય વાંચવી કદાચ તેમા આપને સંબધિત કોઇ વિગતો/સુચનાઓ પણ આપવામાં આવી હોય.

૨૧ સંસ્થાની વેબસાઇટ અપડેટ કરવી અને તેના પર ક્રમ - (૧૭) ની પ્રતિ હસ્તાક્ષર વાળી શૈક્ષણિક કર્મચારીઓની ૨૦૧૫-૧૬ માટેની ફોટો સહિતની યાદી નિયત કરેલ અંગ્રેજી ફોર્મેટમાં વેબસાઇટ પર તા.૩૧/૫/૨૦૧૫ સુધીમાં જોવા મળે તે રીતે અચૂક મૂકવી અને વેબ એડ્રેસ ક્રમ-૧૭ પ્રમાણેની માહિતીની ટપાલ અત્રે મોકલો તેમા અવશ્ય લખવુ.

૨૨. કેટલીક સ્વનિર્ભર પી.ટી.સી. કોલેજોએ પ્રવેશપત્રની પૂરતી ચકાસણી કર્યા સિવાય અન્ય કોલેજમાં પ્રવેશનો આદેશ હોવા છતા પોતાની કોલેજમાં પ્રવેશ આપી ફી વસુલ કરી હતી અને એક વર્ષ સુધી ચકાસણી કર્યા સિવાય આવા ઉમેદવારોને પોતાની સંસ્થામાં ચાલુ રાખેલ હતા આવી ગંભીર ભૂલો ન થાય તેની કાળજી રાખવા પણ જણાવવામાં આવે છે.

૨૩. ગ્રાન્ટેડ, સ્વનિર્ભર પી.ટી.સી. કોલેજોના નામ, સરનામા,સ્થળ ફેરફાર, પુરૂષ/સ્ત્રી/મિશ્ર પ્રકાર, જેવી બાબતો અંગે એન.સી.ટી.ઇ. ભોપાલની પૂર્વ મંજુરી મેળવી લેવી આવશ્યક છે. આ અંગે ઉભો થનાર વિવાદ અંગે આ કચેરીની કોઇ જવાબદારી થતી નથી. જેની નોંધ લેવી.

૨૪ તા.૩૧/૫/૨૦૧૫ની સ્થિતિએ રાજયની પી.ટી.સી.કોલેજોની અધતન યાદી આ કચેરીની વેબસાઇટ www.ptcgujarat.org પર તા.૩૧/૫/૨૦૧૫ પછી જોઇ શકાશે તેમાં કોઇ ક્ષતિ તરફ ધ્યાન દોરવાનું હોય, તો તા.૦૫/૦૬/૨૦૧૫ સુધીમાં આ કચેરીનું ધ્યાન દોરવાનું રહેશે.

૨૫ અનામત કક્ષાના ઉમેદવારો જેવાકે અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને ગુજરાત સરકારના જે તે વિભાગો દ્વારા તથા ભારત સરકાર દ્વારા પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિઓ આપવાની વિવિધ યોજનાઓ અમલમાં છે પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાંના તાલીમાર્થીઓને આ શિષ્યવૃતિઓ મળવાપાત્ર થાય છે તે અનુલક્ષીને તમામ અભ્યાસ કરતા તાલીમાર્થીઓના શિષ્યવૃતિના ફોર્મ સમય મર્યાદામાં જે તે કચેરીને મોકલવામાં આવે તેની કાળજી રાખશો.

૨૬ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં તાલીમાર્થીઓની બદલી બાબતે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક/ ટીસીએમ/ ૧૪૧૦/૮૬૩/ન, તા.૨/૭/૨૦૧૦ની જોગવાઇ મુજબ માત્ર અરસ-પરસ બદલી કરવાની જોગવાઇ છે. તે ધ્યાને લઇ એક તરફી બદલીની ભલામણ અત્રે કરવી નહી.

મા.નિયામકશ્રીની આજ્ઞાનુસાર

(આર.વી.રંગપરીયા)
નાયબ શિક્ષણ નિયામક
ગુજરાત રાજય ગાંધીનગર.

નકલ રવાના જાણ અને જરૂરી મોનીટરીંગ માટે
-જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તમામ